**DATE: 27/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# ડભાલી ગામેથી ખેલી ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

નબીપુર પોલીસની ટીમ ઝનોર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. તે વેળાં તેમને ચોક્કસ બાતમી મીળ હતી કે, ડભાલી ગામે નવીનગરીની પાછળ ખુલ્લામાં કેટલાંક શખ્સોએ વૃક્ષ નીચે જુગારની મહેફિલ જમાવી છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. ટીમે નવીનગરીથી દૂર ગાડી ઉભી રાખી ચાલને સ્થળ પર પહોંચતાં પોલીસને જોઈને જુગારિયાઓમાં દોડધામ મચી ગઇ હતી. જોકે, પોલીસે પાંચ જુગારિયાઓને ઝડપી લીધાં હતાં.

# ભરૂચમાં એક વર્ષથી નાસતા ફરતા આરોપીને પોલીસે મલેકવાડથી ઝડપી પાડ્યો



ભરૂચ: ભરૂચ મલેકવાડમાં રહેતો અને છેલ્લા એક વર્ષથી નેગોશિયબલ ઇન્સ્ટ્રુમેન્ટસ એક્ટના ગુનાની સજામાં વોન્ટેડ આરોપીને એસઓજી પોલીસ ઝડપી પાડ્યો હતો. ભરૂચ એસઓજી પીઆઈ એ.એ.ચૌધરી પોતાની ટીમને એ.ટી. એસ. ચાર્ટર મુજબની કામગીરી કરવા તેમજ જિલ્લાના વોન્ટેડ આરોપીઓને પકડી પાડવા સૂચના આપતા એસ.ઓ.જી.ટીમ ભરૂચ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. આ દરમિયાન બાતમી મળી હતી કે બી ડિવિઝન પોલીસ મથકમાં સેક્શન ૧૩૮ ઓફ ધ નેગોશિયબલ ઇન્સ્ટ્રુમેન્ટસ એક્ટના ગુનામાં સજા પામેલા આરોપી મોહમદ ઝુબેર અબ્દુલ રશીદ મલેક તેના ઘરે મલેકવાડમાં હાજર છે. આ માહિતીના આધારે ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી તેને પકડી પાડ્યો હતો. એસઓજી ટીમે તેને આગળની વધુ કાર્યવાહી માટે બી ડિવિઝન પોલીસમાં સોંપ્યો હતો.

# અંકલેશ્વરના સ્ટેશન રોડ ઉપર દારૂના જથ્થા સાથે શખ્સ ઝડપાયો

અંકલેશ્વર તા.૨૬

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે પ્રતિન ચોકડી પાસેથી વિદેશી દારૂના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડ્યો હતો.

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ ટ્રાફિક નિયમનમાં વ્યસ્ત હતો.તે દરમિયાન બાતમીના આધારે જી.આઈ.ડી.સી. બસ ડેપો તરફથી એક શખ્સ બેગમાં વિદેશી દારૂનો જથ્થો ભરી મહાવીર ટર્નિંગ બાજુ ચાલતો જઈ રહ્યો છે.જેવી બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી.તે વેળા બાતમી વાળો શખ્સ પ્રતિન ચોકડી પાસે આવતા પોલીસે તેને અટકાવી તેની પાસે રહેલી બેગમાં તપાસ કરી હતી.તેમાંથી વિદેશી દારૂની ૧૮ નંગ બોટલ મળી આવી હતી.પોલીસે રૂ.૭ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને દીવા રોડ ઉપર આવેલ અંબિકા નગર સોસાયટીમાં રહેતો વિશાલ ગણેશ વસાવાને ઝડપી પાડ્યો હતો.

**DATE: 27/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# વાગરામાં એક લાખથી વધુનાં કોપર વાયરની ચોરી કરનાર ત્રણ ઝડપાયા

**પોલીસે વાગરાની હનુમાન ચોકડી પાસેથી ત્રણને એક લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા**



ભરૂચ: ભરૂચ જિલ્લાના વાગરામાં રેસ્ટ હાઉસની સામે ઓએનજીસી એસેટ સોલાર પ્લાન્ટમાંથી ત્રણેક દિવસ અગાઉ સોલાર પેનલની નીચે લગાડેલા રૂપિયા એક લાખથી વધુની કિંમતના કોપર વાયરની ચોરી થઈ હતી. આ કેસમાં વાગરા પોલીસે કોપર વાયરની ચોરી કરનાર ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે.

વાગરામાં આવેલા રેસ્ટહાઉસની સામે ઓએનજીસી એસેટ પ્લાન્ટમાંથી તા.23/5/24 ના રોજ સાંજના સમયે અજાણ્યા શખ્સો દ્વારા સોલાર પ્લાન્ટની પેનલ નીચે લગાડેલા કોપર વાયર જેની અંદાજિત કિંમત રૂપિયા એક લાખ હોય તેની ચોરી કરી ગયા હતા. જે બાબતની વાગરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે જુદી જુદી ટીમ તૈયાર કરી કોપર ચોરી કરનાર અજાણ્યા શખ્સોને ઝડપી પાડવા પ્રયત્નો હાથ ધર્યા હતા.

દરમિયાન વાગરા પોલીસને બાતમી મળી હતી કે તાજેતરમાં ઓએનજીસી પ્લાન્ટમાંથી કોપર વાયરની ચોરી કરનાર ત્રણ શકમંદ વાગરા હનુમાન ચોકડીથી આગળ ભરૂચ જવાના રસ્તા પર છે. જે બાતમીના આધારે પોલીસે હનુમાન ચોકડી રોડ પરથી ત્રણ આરોપીઓ અજય રમેશ રાઠોડ (ઉ.વ.30), (રહે., દાંડિયા બજાર, ભૃગુઋષિ મંદિર પાસે, ભરૂચ),અરવિંદ હીરા વસાવા (ઉ.વ.36), (રહે., દાંડિયા બજાર, ભરૂચ) અને શૈલેષ મહેન્દ્ર દેવીપુજક (ઉ.વ.30), (રહે., મકાન નંબર-105, સ્ટાર એવન્યુ, અંકલેશ્વર)ને વાગરા પોલીસે હનુમાન ચોકડીવાળા રોડ પરથી ઝડપી લેતા ઓએનજીસી એસેટ સોલાર પ્લાન્ટમાંથી કોપર ચોરી કર્યાની કબૂલાત વાગરા પોલીસ સમક્ષ કરી હતી. પોલીસે વાયર કિંમત રૂ.24000, એક્ટિવા ગાડી નંબર (GJ-16-DV-8636) કિંમત રૂ.25,000 સહિત એક લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

**DATE: 28/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

## આમલાખાડી બ્રિજ પર ચાલતી કામગીરી

# અંકલેશ્વર હાઈવે પર આજથી સુરત જતી લેનમાં પેચવર્ક થશે



ભાસ્કરન્યૂઝ | ભરૂચ

અંકલેશ્વરમાં ટ્રાફિકનું એપી સેન્ટર બનેલાં આમલાખાડી બ્રિજ પર રસ્તાના પેચવર્કની કામગીરી ચાલી રહી છે. મંગળવારના રોજથી વડોદરાથી સુરત તરફ જતી લેનમાં પેચવર્ક કરવામાં આવશે. છેલ્લા 3 દિવસથી હાઈવે પર ટ્રાફિકજામ થયા બાદ નેશનલ હાઈવે ઓથોરીટી આમલાખાડી બ્રિજ પરનો રસ્તો રીપેર કરાવી રહી છે. આ રસ્તો ખખડધજ તેમજ ખાડાવાળો બની ગયો હોવાના કારણે વાહનો ધીમી ગતિએ પસાર થતાં હોવાથી પાછળ વાહનોની કતાર લાગતાં ટ્રાફિકજામ થઈ ગયો હતો. સુરતથી વડોદરા તરફ જતી લેનમાં પેચવર્કની કામગીરી પુરી કરી દેવામાં આવી છે. મંગળવારથી વડોદરાથી સુરત તરફ જતી લેનમાં પેચવર્ક કરવામાં આવશે. આ લેનમાં જ સૌથી વધારે ટ્રાફિકજામ રહેતો હોય છે. ટ્રાફિક નિયંત્રણ માટે પોલીસની ચાર ટીમ કાર્યરત કરી દેવામાં આવી છે.

**DATE: 28/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### મહિલાઓ પાસે દારૂની હેરાફેરીનો કારસો

# અંકલેશ્વરમાં દારૂની ખેપ મારતી મહિલા સહિત બે ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં બે અલગ અલગ સ્થળે થી પોલીસે 34 હજાર ઉપરાંતનો દારૂ ઝડપી પાડ્યો હતો. વાલિયા ચોકડીથી વાલિયા રોડ પર બે બેગ લઈ પસાર થતી મહિલાને અટકાવી હતી. અને તેની બેગ ની તલાસી લેતા અંદરથી દારૂની બોટલો મળી આવી હતી.

મૂળ બિહાર ખાતે રહેતી અને હાલ જીતાલી સ્ટાર લેક સીટી ખાતે રહેતા સવિતાદેવી મેદની રા ની ધરપકડ કરી હતી. દારૂ ની 84 બોટલ કિંમત રૂપિયા 30.000 અને બે મોબાઈલ કિંમત રૂપિયા 8 હજાર મળી કુલ 38 હજારના મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બીજી તરફ રાજપીપળા ચોકડી સતલજ હોટલ પાસે જાહેરમાં નહેર પાસે દારૂ વેચાણ કરતા ગડખોલના અંબિકા રેસિડન્સી ખાતે રહેતા દીપરામ જસ્સારામને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી દારૂની 8 બોટલો કબજે લેવામાં આવી હતી.

**DATE: 28/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### પ્રતિન ચોકડી પાસેથી ખેપિયા ઝબ્બે

# અંકલેશ્વરમાં દારૂના જથ્થા સાથે લબરમૂછિયો ઝડપાયો

। અંકલેશ્વર ।

અંકલેશ્વર GIDC પોલીસે વાલિયા ચોકડી પાસેથી દારૂના જથ્થા સાથે મહિલા સહિત લબરમૂછિયાને ઝડપી પાડ્યો હતો, જ્યારે પ્રતિન ચોકડી પાસેથી ખેપિયાની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી છે.

અંકલેશ્વરની વાલિયા ચોકડી પાસે મહિલા અને એક ઈસમ બે બેગમાં દારૂનો જથ્થો લઈ ઊભા હોવાની બાતમીના આધારે અંકલેશ્વર GIDC પોલીસે સ્થળ પરથી દારૂની ૪૮ નંગ બોટલ મળી કુલ રૂ.૩૮ હજારનો મુદ્દામાલ જપ્ત કરી મહિલા તેમજ લબરમૂછિયાની અટકાયત કરી હતી. બીજી તરફ અંકલેશ્વર GIDC બસ ડેપોમાંથી એક ઈસમ બેગમાં દારૂનો જથ્થો લઈ પ્રતિન ચોકડી વિસ્તારમાંથી પસાર થતો હોવાની માહિતીના આધારે પ્રતિન ચોકડી નજીક ઈસમ આવતા તેની બેગમાં તપાસ કરતા રૂા.૭,૫૦૦ના દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. આ સાથે જ અંકલેશ્વર દીવા રોડ પર આવેલા અંબિકા નગર ખાતે રહેતા વિશાલ ઉર્ફે મારી ગણેશ વસાવાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 28/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળતાં છાપો માર્યો

# ભરૂચના વાવ ફળિયામાંથી જુગાર રમી રહેલાં 5 જુગારિયા ઝડપાયા

## પોલીસે રૂા.૧૭ હજાર કરતા વધુના મુદ્દામાલ સાથે ઝડપી પાડયા

। ભરૂચ ।

ભરૂચ નગરના વાવા ફળીયામાંથી એલસીબી પોલીસે જુગારધામ ઝડપી પાડયુ હતુ જેમાં પાંચ જુગારીયાઓને અંગે હાથ જુગાર રમતા ઝડપી પાડી રૂા.૧૭ હજાર કરતા વધુનો મુદ્દામાલ એલસીબી પોલીસે જપ્ત કર્યો હતો.

ભરૂચ શહેર બી.ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પત્તા-પાનાનો જુગાર રમાડતા જુગારીઓને રોકડા રૂપિયા અને જુગાર રમવાના સાધનો સહિત કુલ કિંમત રૂા.૧૭,૭૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી એલસીબી પોલીસે જુગારનો કેસ શોધી કાઢયો હતો. આ અંગે વિગતે જોતા ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડાએ જુગાર જેવી અસામાજીક પ્રવૃત્તિઓ પર સતત વોચ રાખી, અસરકારક અને પરિણામલક્ષી કામગીરી કરવા આપેલ સુચનાઓ અનુસંધાને એલસીબી પીઆઈ એમ.પી.વાળાના માર્ગદર્શન મુજબ પ્રોહીબીશન અને જુગારની અસામાજીક પ્રવૃત્તિના કેસો શોધી કાઢવા, લોકલ ક્રાઈમ બ્રાંચની અલગ અલગ ટીમ બનાવી સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતા.

આ દરમ્યાન ડી.એ.તુવર એલસીબીની ટીમ ભરૂચ શહેર બી.ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન બાતમી મળી હતી કે, વાવ ફળીયાની પાછળ આવેલ જીન પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક માણસો ભેગા મળી પત્તા-પાના વડે પૈસાની હારજીતનો જુગાર રમી રહ્યા છે. જે મુજબની ચોક્કસ બાતમી આધારે એલસીબી ટીમ દ્વારા વાવ ફળીયાની પાછળ આવેલ જીન પાસે ખુલ્લી જગ્યામાંથી જુગાર અંગે સફળ રેઈડ કરી પત્તા પાનાનો જુગાર રમતા પાંચ જુગારીઓને રોકડા રૂપિયા, જુગારના સાધનો સહિત કુલ કીંમત રૂા.૧૭,૭૦૦ સાથે ઝડપી પાડી તમામ ઈસમો વિરૂધ્ધ જુગાર ધારાની સંલગ્ન કલમો મુજબ કાર્યવાહી કરી ભરૂચ શહેર બી.ડીવીઝન પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યા છે.

### પકડાયેલા આરોપીઓ

- જીતેશ ઉર્ફે બબૂલ અનિલભાઈ કેસરીયા, રહે. લીમડીચોક, ભરૂચ
- ધનસુખભાઈ હરિભાઈ બારૈયા રહે.વેજલપુર, ભરૂચ
- નરેશ ભીખાભાઈ વસાવા, રહે. વેજલપુલ, ભરૂચ
- ઋત્વિક વિજયભાઈ મિસ્ત્રી, રહે. વેજલપુર, ભરૂચ
- પિંટુ પ્રવિણભાઈ વસાવા, રહે.વાવ ફળીયા, ભરૂચ

### કબજે કરેલો મુદ્દામાલ

| | |
|---|---|
| ● અંગઝડપતીના રોકડા | રૂા.૧૪,૫૦૦ |
| ● દાવ ઉપરના રોકડા | રૂા.૩૨૦૦ |
| ● કુલ મુદ્દામાલ કિંમત | રૂા.૧૭,૭૦૦ |

**DATE: 28/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### પો.સ્ટેશન, મામલતદાર કચેરી અને તા.પંચાયત કચેરીએ સુવિધા

# ઝઘડિયામાં કચેરીઓ પર વૈવાહિક વિવાદ બાબતે ફરિયાદ પેટી મૂકાઈ

## લગ્ન વિષયક પ્રી-લિટિગેશન લોક અદાલતનો લાભ લેવા આયોજન

। ઝઘડિયા ।

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા ઝઘડિયા તાલુકાના વિવિધ સરકારી કચેરીઓ ખાતે વૈવાહિક વિવાદ બાબતે ફરિયાદ પેટીઓ મુકવામાં આવી છે. ઝઘડિયા પોલીસ મથક, મામલતદાર કચેરી તથા તાલુકા પંચાયત કચેરી ખાતે પ્રિ-લીટીગેશન લોક અદાલતનો લાભ લેવા માટે લગ્ન વિષયક વિવાદોના સમાધાન માટે પેટીઓ મૂકવામાં આવી છે.

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ભરૂચ દ્વારા જાહેર જનતાના લાભાર્થે અરજદાર પોતાના લગ્ન વિષયક વિવાદમાં વૈવાહિત લોક અદાલત મારફતે ઝડપી અને શાંતિપૂર્ણ રીતે નિકાલ લાવી શકે અને સ્વસ્થ સમાજની રચના થાય તે હેતુથી દર મહિનાના પ્રથમ અને ત્રીજા શનિવારે ભરૂચ મુખ્ય મથકે જિલ્લા ન્યાયાલય સંકુલ ખાતે સવારે ૮ થી ૧૦ વાગ્યા સુધી વૈવાહિક લોક અદાલત યોજવામાં આવે છે, આ લોક અદાલતની નજીકના પોલીસ સ્ટેશનનો, મામલતદાર કચેરીઓ, તાલુકા પંચાયત કચેરીઓમાં મૂકવામાં આવેલ ફરિયાદ અરજી પેટી મારફતે અરજી કરી પોતાના વ્યવહારિક સંબંધોમાં શાંતિપૂર્ણ સમાધાન લાવવા ભરૂચ જિલ્લાની જનતાને જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાય સંકુલ ભરૂચ દ્વારા અપીલ કરવામાં આવેલ છે, આ અંગે વધુ માહિતી માટે જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ જિલ્લા ન્યાયાલય સંકુલ ભરુચ અથવા નજીકની સિવિલ કોર્ટમાં કાર્યરત તાલુકા કાનૂની સેવા સમિતિ તેમજ નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી શકાય છે તેમ જણાવ્યું છે,

**DATE: 28/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### કરગટ ગામની સીમમાંથી બોરવેલના લોખંડના સામાનની ચોરી થઈ હતી

# બોરવેલના ઓજાર લેનાર આરોપી ઝડપાયો

**કાર્યવાહી** | રૂા.૧૩ હજારના મુદ્દામાલ સાથે ૧ આરોપી ઝડપાયો ૧ આરોપી વૉન્ટેડ જાહેર

। ભરૂચ ।

ભરૂચ તાલુકાના કરગટ ગામની સીમમાંથી ચોરી થયેલ બોરવેલના લોખંડના સામાનને વેચાણ રાખનાર વેપારીની પોલીસે નાપા ખાતેથી અટક કરી હતી.

આ બાબતે વિગતે જોતા પોલીસવડા મયુર ચાવડાએ ભરૂચ જિલ્લામાં મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા તથા શોધી કાઢવા તેમજ આવા શોધાયેલ ગુનાઓમાં તલસ્પર્શી તપાસ કરી ચોરીમાં ભુમિકા ભજવનાર તમામ આરોપીને ઝડપી પાડવા સુચનાઓ આપી હતી જેથી એલસીબી પીઆઈ પી.એમ. વાળાના માર્ગદર્શન મુજબ લોકલ ક્રાઈમ બ્રાંચ દ્વારા બે દિવસે પુર્વે ભરૂચ તાલુકાના નબીપુર પોલીસ સ્ટેશના વિસ્તારના કરગટ ગામની સીમમાં ને.હા.નં.૪૮ની



વસીમઅલી વારીસઅલી સૈયદના બાજુમાં આવેલા ફાર્મહાઉસમાંથી જાન્યુઆરી ૨૦૨૪ તથા એપ્રીલ ૨૦૨૪ એમ બે વખત બોરવેલના લોખંડના ઓજારોની થયેલ ચોરીના ૨ ગુનાઓ શોધી કાઢવામાં આવ્યા હતા. અને ગુનામાં સંડોવાયેલા આરોપી શાહનવાઝ ઉર્ફે શાનુનાએ પુછપરછમાં જણાવેલ હતુ કે, ચોરીનો માલ બોરસદ તાલુકાના નાપા તળપદ ગામમાં લોખંડનો ડેલો ચલાવતા વસીમઅલી વારીસઅલી સૈયદનાએ વેચાણ લઈ તેને ભાવનગર લોખંડ ઓગાળવાની કંપનીમાં વેચેલો હોવાનું તપાસ દરમ્યાન જણાય આવ્યુ હતુ.

ગુનામાં ચોરીનો માલ વેચાણ રાખનાર આરોપી વસીમ અલીને વોન્ટેડ જાહેર કરવામાં આવેલ હતો. આ ગુનામાં વોન્ટેડ આરોપીને ઝડપી પાડવા એલસીબીના પોસઈ ડી.એ. તુવરની ટીમ સતત પ્રયત્નશીલ હતી. દરમ્યાન બાતમી મળી કે કરગટ ગામની સીમમાં ફાર્મ હાઉસમાંથી ચોરાયેલ મુદ્દામાલને વેચાણ લેનાર આરોપી વસીમઅલી બોરસદ નજીક છે જે બાતમીના આધારે એલસીબીની ટીમને બોરસદ ખાતે તપાસમાં મોકલી હતી. અને તપાસમાં ગયેલ ટીમે ટેકનિકલ સર્વેલન્સની મદદથી આરોપીને નાપા તળપદ ગામેથી ઝડપી પાડી વધુ પુછપરછ માટે ભરૂચ એલસીબી કચેરી લઈ આવી તેની ઉંડાણપુર્વક સઘન પુછપરછ હાથ ધરી હતી. પુછપરછમાં આરોપીએ જણાવ્યુ હતુ કે, તે બોરસદ તાલુકાના નાપા તળપદ ગામે ભંગારનો ડેલો ચલાવતો હોય ડેલામાં આવતો ભંગાર મહીનામાં એક-બે વખત ભાવનગર આપવા જતો હોવાથી હાઈવે ઉપર બોરવેલના ઓજારોની ચોરી કરનાર આરોપીઓ મળ્યા હતા. તેમની વાતચીત દરમ્યાન ભરૂચ હાઈવે પરથી ચોરી કરેલા બોરવેલના ઓજારો વેચવાનું કહેતા ચોરીનો માલ ખરીદી, દલાલી મેળવી ભાવનગરમાં આવેલા હદીદ ઈસ્પાત નામની લોખંડ પીગાળવાની કંપનીમાં સંપર્ક કરી આ ચોરીનું મટીરીયલ વેંચી નાખ્યો હતો.

આરોપીએ સંપર્ક કરેલ ઈસમને વોન્ટેડ જાહેર કરી ચોરીનો માલ ખરીદનાર આરોપી વિરૂધ્ધ ક્રિમિનલ પ્રોસીજરની સંલગ્ન કલમો મુજબ કાયદેસર કાર્યવાહી હાથ ધરી આરોપીને નબીપુર પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવેલ છે. આ ગુનાની આગળની વધુ તપાસ પીએસઆઈએસ.આર.મેઘાણી નબીપુર ચલાવી રહેલ છે.

**વોન્ટેડ આરોપી અને કબજે કરવામાં આવેલ મુદ્દામાલ**

વોન્ટેડ આરોપીમાં ફરહાનભાઈ (હદીદ કંપનીમાં ચોરીનો માલ રાખનાર) જયાર કબ્જે કરેલ મુદ્દામાલમાં રીયલમી કંપનીનો મોબાઈલ નંગ ૧ કિંમત રૂા.૧૦,૦૦૦, રોકડા રૂા.૩૦૦૦, આરોપીના મોબાઈલમાંથી ચોરીના મુદ્દામાલની કાંટા પાવતીની પ્રિન્ટઆઉટ કોપી-૧ મળી કુલ મુદ્દામાલ રૂા.૧૩,૦૦૦ જપ્ત કરવામાં આવેલ છે.

**DATE: 29/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

મહાવીર ટર્નિંગથી વાલિયા ચોકડી સુધીની ટ્રાફિક સમસ્યા

# અંકલેશ્વરમાં દબાણો દૂર કરાવી તથા બેરિકેટસ મૂકી ટ્રાફિક નિયંત્રિત કરાશે

## એસપી મયુર ચાવડાએ 40 મિનિટ સુધી નિરીક્ષણ કર્યું



અંકલેશ્વરમાં ટ્રાફિક સમસ્યાનો ચિતાર મેળવ્યાં બાદ એસપીએ જરૂરી સૂચનાઓ આપી હતી.

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં મહાવીર ટર્નિંગથી વાલિયા ચોકડી સુધીના માર્ગ પર સર્જાતી ટ્રાફિકજામની સમસ્યાનો હલ લાવવા માટે એસપી મયુર ચાવડાએ સ્થળની મુલાકાત લીધી હતી. 45 મિનિટ સુધી સ્થળ પર નિરિક્ષણ કર્યા બાદ એસપીએ ટ્રાફિકમાં નડતરરૂપ દબાણો દૂર કરવા તેમજ જરૂર જણાય ત્યાં બેરીકેટ મુકવા માટે સંલગ્ન અધિકારીઓને સૂચના આપી હતી. રાજપીપળા ચોકડીવાળા માર્ગના મરામતની કામગીરી શરૂ હોય જેને લઈને વૈકલ્પિક માર્ગો તરીકે વાહન ચાલકો અંકલેશ્વર વાલિયા ચોકડી તરફ વળી રહ્યા છે અને વાલિયા ચોકડી પર લક્ઝરી બસ ઉભી રહેતી હોય અને અત્યંત વ્યસ્ત માર્ગ હોવાથી થોડી જ મિનિટોમાં ટ્રાફિકજામ થઇ જાય છે. દબાણના કારણે સર્જાતી ટ્રાફિક સમસ્યા હોવાથી દબાણો દુર કરવા આદેશ કરવામાં આવ્યો છે. જીઆઈડીસીમાંથી આવતાં અને જતાં વાહનોને નિયંત્રિત કરવા શું કરી શકાય તે માટે એઆઈએના પ્રમુખ સાથે ચર્ચા કરી હતી. જીઆઈડીસી વિસ્તારમાંથી આવતા ટ્રાફિક કયા કયા વિસ્તારમાં બેરીકેટ મુકી ડાયવર્ટ કરવો તે અંગેની સૂચના આપી હતી. ખાસ કરીને જી.એમ દેસાઈ પેટ્રોલપંપ પાસે થી જીઆઈડીસીના વાહનો યુ ટર્ન માટે વાલિયા ચોકડી તરફ આવતા ટ્રાફિક સમસ્યા નું એક કારણ બની રહી છે. જે દૂર કરવા માટે તેમજ અન્ય વૈકલ્પિક માર્ગો ઉભા કરવા તાકીદ કરી હતી.

**DATE: 29/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

**ભાસ્કર એક્સક્લુઝિવ** દેરોલ પાસે સાધ્વીઓ પર હુમલા બાદ જૈન સમાજમાં રોષ ફેલાયો

# ભરૂચમાં વિહારના રૂટની માહિતી આપતાં 15 મિનિટ પહેલાં જ પોલીસની ટીમ પહોંચી જશે

## ઇમરજન્સીના સમયમાં 30 મિનિટમાં મદદ પહોંચાડવાની ખાતરી આપવામાં આવી

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચના દેરોલ પાસે સોમવારની સવારે 6.30 વાગ્યાના અરસામાં વિહાર કરી રહેલાં 6 સાધ્વીઓ પર હિચકારો હુમલો થયો હતો. આ ઘટના બાદ જૈન સમાજમાં ભારે આક્રોશ જોવા મળી રહયો છે. હાલ તો આરોપી મુસ્લિમ યુવાનની પોલીસે ધરપકડ કરી તેની માનસિક સ્થિતિની ચકાસણી માટે મેડિકલ ટેસ્ટ કરાવી રહી છે. બીજી તરફ વિહાર કરી રહેલાં સાધુ અને સાધ્વીઓને તેમના વિહાર દરમિયાન સલામતી પુરી પાડવા પોલીસે પણ કટિબધ્ધતા દર્શાવી છે.

ભરૂચ એસપીએ જૈન સમાજને ખાતરી આપી છે કે, આપતકાલીન સંજોગોમાં પોલીસની 30 જ મિનિટમાં મદદ મળી રહેશે અને વિહારના રૂટની અગાઉથી માહિતી આપવામાં આવશે તો વિહારના સ્થળે 15 મિનિટ પહેલાં પોલીસની જીપ આવી ઉભી રહેશે. સાધુ અને સાધ્વીઓ સાથે પોલીસની જીપ વિહારના વિરામ સ્થળ સુધી સાથે રહેશે. ભરૂચમાં હુમલાનો ભોગ બનેલી સાધ્વીઓ શ્રીમાળી પોળથી સમની તરફ જઈ રહી હતી તે સમયે દેરોલ પાસે તેમની પર હુમલો થયો હતો. મહંમદપુરાથી પીછો કરતાં મુસ્લિમ યુવાને સાધ્વીઓનો પીછો કર્યો હતો અને એકલતાનો લાભ લઈને પટ્ટાથી મારવાની શરૂઆત કરી હતી. ઘટના બાદ જૈન સમાજમાં રોષ ફેલાયો છે.

ભરૂચ જિલ્લામાં પ્રથમ વખત જૈન સાધ્વીઓ પર હુમલો થતાં સમાજના લોકોમાં રોષ ફેલાયો છે. વિહાર કરતાં જૈન મુનિઓ અને સાધ્વીઓના રક્ષણ માટે ભરૂચ એસપી મયુર ચાવડાને રજૂઆત કરવામાં આવતાં તેમણે સલામતીની પુરતી ખાતરી આપી છે. વિહાર સમિતિના સભ્યો અને એલસીબી પીઆઇ વચ્ચે સંકલન કરીને વિહાર દરમિયાન પોલીસ રક્ષણ પૂરૂ પાડવાનું નકકી કરાયું છે. બનાવની તપાસ કરી રહેલાં તાલુકા પીઆઇ પ્રકૃતિ ઝાલાકાટે જણાવ્યું હતું કે, આરોપીની માનસિક સ્થિતિ સારી નહિ હોવાથી તેને મેડીકલ ટેસ્ટ માટે સિવિલમાં લઇ જવામાં આવ્યો છે અને મેડિકલ રીપોર્ટ બાદ કાર્યવાહી કરવામાં આવશે.

### જૈન મુનિઓના અકસ્માત બાદથી રક્ષણ અપાય છે

વર્ષ 2013માં ભરૂચના અસુરિયા ગામ નજીક હસ્તગિરિજી મહારાજ અને જ્ઞાનશેખરજી મહારાજ સ્થળ પર જ કાળધર્મ પામ્યાં હતાં. રાજ્યભરમાંથી જૈન સમાજ ભરૂચ ખાતે ઉમટી પડ્યો હતો અને અકસ્માત કરનારા વાહનચાલકને ઝડપી પાડી કડક સજા કરવામાં આવે તેવી માગ કરી હતી. અકસ્માતની ઘટના બાદ દેશભરમાં ઉહાપોહ મચી ગયો હતો. આ ઘટના બાદ વિહાર કરતાં જૈન મુનીઓ તથા સાધ્વીઓને પોલીસ રક્ષણ આપવામાં આવે છે.



### પોલીસે રક્ષણ માટેની પૂરતી ખાતરી આપી છે



ભરૂચ પોલીસે રક્ષણ માટેની પુરતી ખાતરી આપી છે. અમારી વિહાર કમિટી સાથે પોલીસ અધિકારીઓએ ચર્ચા કરી છે. ઇમરજન્સીના સમયમાં પોલીસની ઝડપથી મદદ મળે તેવી ખાતરી મળી છે. વિહારના રૂટની અગાઉથી જાણ કરવામાં આવશે તો વિહારના 15 મિનિટ પહેલાં પોલીસની જીપ તેમની સાથે પાયલોટિંગ માટે આવી જશે. » અભિષેક શાહ, સ્થાનિક આગેવાન

### ઘટના દુઃખદ છે ફરી વખત ન બનવી જોઈએ



અમારા જીવનમાં પ્રથમ વખત આ રીતે સાધ્વી મહારાજો પર હુમલો થતો જોયો છે. દેરોલ પાસે બનેલી ઘટના ઘણી દુખદ છે. આવી ઘટના ફરી વખત ન બને તે માટે સરકારે અને પોલીસે યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ. વિહાર કરતાં જૈન મહારાજોનું રક્ષણ થવું જ જોઈએ. » જતીન શાહ, સ્થાનિક આગેવાન

**DATE: 29/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

મોજશોખ પૂરા કરવા માટે ચોરીના રવાડે ચઢી ગયાં, એક આરોપી રીઢો ગુનેગાર

# ભરૂચના મનોરથ બંગ્લોઝ ખાતે ₹ 9.32 લાખની ચોરીમાં સગીર સહિત 2ની ધરપકડ

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચમાં આવેલાં મનોરથ બંગ્લોઝમાં રહેતાં હિરેન્દ્રસિંહ દરબાર ગત 17મીએ તેમની કંપનીએ તેમજ તેમની પત્ની તેમજ પુત્રી દિવસભરના સમયમાં એરોબિક્સ તેમજ થિયેટરમાં ફિલ્મ જોવા ગયાં હતાં. તે અરસામાં કોઈ ગઠિયાએ તેમના ઘરના પાછળના દરવાજેથી ઘરમાં પ્રવેશી કુલ 9.32 લાખની મત્તાના દાગીનાની ચોરી કરી ગયાં હતાં. મામલામાં પોલીસ ફરિયાદ નોંધાતાં પોલીસ તપાસ દરમિયાન ચોંકાવનારો ઘટસ્ફોટ થયો હતો. ચોરીમાં અગાઉ કરજણના લૂંટના કેસમાં ઝડપાયેલો સુમિત રતિલાલ વણઝારા (રહે. અભિષેક કોલોની, શ્રવણ ચોકડી)ની સંડોવણી છે. જેથી ટીમે તેને ઝડપી પાડી તેની પુછપરછ કરતાં તેણે જણાવ્યું હતું કે, એક સોસાયટીના પ્રમુખના સગીર પુત્ર સાથે ચોરીની વારદાતને અંજામ આપ્યો હતો. પોલીસે કાયદાના સંઘર્ષમાં આવેલાં સગીરને બાળસુધાર ગૃહમાં મોકલવા સાથે સુમિત રતિલાલ વણઝારાના રિમાન્ડ મેળવી તેમની પાસેથી કુલ 6.06 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

## શાળાના મિત્રએ ચોરીના પાઠ ભણાવ્યાં

સગીર તેમજ સુમિત સ્કૂલ સમયના મિત્રો હોઈ તેઓની એકબીજાને ત્યાં અવરજવર હતી. દરમિયાનમાં તેમને હિરેન્દ્રસીંહ દરબાર તેમજ તેમના પરિવારજનોની દિનચર્યા અંગેની માહિતી હોઈ તેમણે ચોરીને અંજામ આપ્યો હતો.

**DATE: 30/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### જીઆઇડીસી પોલીસની ટીમે વિવિધ વિસ્તારોમાં ચેકિંગ કર્યું

# અંકલેશ્વરમાં ભાડા કરાર નહિ કરનાર 5 દુકાનદારો સામે કાર્યવાહી હાથ ધરાઈ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં ભાડા કરાર નહિ કરનાર 5 દુકાનદારોસામે જીઆઈડીસી પોલીસે કાર્યવાહી કરી જાહેરનામા ભંગનોગુનો દાખલ કર્યો હતો.

જીઆઈડીસી પોલીસ દ્વારા એ.ટી.એસ.ચાર્ટર્ડ કામગીરી અંતર્ગત ગત રોજ વિવિધ ચેકિંગ શરુ કર્યું હતું. જે અંતર્ગત અંકલેશ્વર નેશનલ હાઈવે નંબર 48 પર આવેલ વર્ષા હોટલ પાસે શિવમ રેસીડેન્સીકોમ્લેક્ષ માં તપાસ કરતા 3 માળ માં આવેલ વિવિધ દુકાનો પૈકી 4 દુકાન માલિકદ્વારા ભાડા કરાર કર્યા વગર તેમજ પોલીસ માં તેની નોંધણી કરાવી ના હતી જે અંગે પોલીસ દ્વારા તમામ 4 દુકાન સંચાલક વિરુદ્ધ જાહેરનામાનો ભાગ કરવા બદલ ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી હતી.

ભડકોદ્રા ગામની હદમાં આવેલ રંગમ હાઉસિંગ સોસાયટી ખાતે પણ એક દુકાન સંચાલક દ્વારા જાહેરનામું ભંગ કરી આ અંગે પોલીસ માં નોંધણી કરાવી ન હોવાનું બહાર આવ્યું હતું. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે ભાડુઆતોની નોંધણી, દુકાનદારોની નોંધણી સહિતની કાર્યવાહી ફરજિયાત બનાવવામાં આવી છે પણ કેટલાય લોકો જાહેરનામાનું પાલન કરી રહયાં નહિ હોવાથી પોલીસ સમયાંતરે વિવિધ વિસ્તારોમાં ચેકિંગ કરે છે.

**DATE: 30/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### પોલીસને બાતમી મળતા વોચ ગોઠવી

# આમોદમાં દારૂ વેચાણ કરતો મછાસરાનો યુવક ઝડપાયો

। જંબુસર ।

આમોદ તાલુકાના મછાસરા ગામનો યુવક રીક્ષામાં વિદેશી દારૂનું વેચાણ કરતો હોવાની આમોદ પોલીસને બાતમી મળતા પોલીસે તા.૨૮ મીના રોજ સાંજના સમયે વોચ ગોઠવી રીક્ષામાં વિદેશી દારૂનું વેચાણ કરતા યુવકને ઝડપી પાડી દારૂની છ બોટલો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

આમોદ પોલીસ ટાઉન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે આમોદથી નાહિયેર ગામ જવાના રોડ ઉપર આવેલી રેવાસુગર સામે રીક્ષામાં વિદેશી દારૂ રાખી એક ઈસમ વેચાણ કરે છે. જેથી પોલીસે બાતમી વાળી જગ્યાએ પહોંચી રેડ કરતા બશીર યાકુબ અહમદ તલાટી (ઉ.વ.૪૨) રહે. મછાસરા. તા. આમોદને ઝડપી લીધો હતો. જેની રીક્ષામાં તલાસી લેતા ડ્રાઈવર સીટના નીચેના ખાનામાંથી છ નંગ વિદેશી દારૂની બોટલો જેની કિંમત રૂા. ૩૦૦૦ મળી આવી હતી. જેને જપ્ત કરી બશીર યાકુબ અહમદ તલાટી સામે પ્રોહીબિશન એક્ટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી**

**DATE: 31/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### સ્વિટ હોમ રેસિડન્સી પાસે એક મહિના પૂર્વે ચોરી થઇ હતી

# ભરૂચમાં મેડિકલ સ્ટોરમાં ચોરી પ્રકરણમાં મુખ્ય સૂત્રધાર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ|ભરૂચ

ભરૂચના સ્વિટ હોમ રેસિડન્સીમાં આવેલાં મેડિકલ સ્ટોરમાં એક મહિના પહેલાં તસ્કરોએ 25 હજાર રોકડા તેમજ અન્ય અગત્યના દસ્તાવેજોની ચોરી કરી ફરાર થઈ ગયાં હતાં. પોલીસે બે આરોપીઓને અગાઉ ઝડપી પાડતાં મુખ્ય સુત્રધારની વિગતો મળી હતી. દરમિયાનમાં તે તેના ઘરે આવ્યો હોવાની બાતમી મળતા એસઓજીની ટીમે તેને ઝડપી પાડ્યો હતો.

ભરૂચ શહેરના સ્વીટ હોમ રેસીડેન્સી,પાવનપુરી- 1માં રહેતા નરેશપુરી રતનપુરી ગૌસ્વામીની ઉર્વી મેડિકલ નામની દુકાન આવેલી છે. તેને ગત તારીખ 13 મી એપ્રિલના રોજ રાત્રીના તસ્કરોએ નિશાન બનાવી રૂ. 25 હજાર રોકડાં અને અગત્યના ડોક્યુમેન્ટની ચોરી કરી ગયા હતા. આ અંગેની જાણ નરેશપુરીએ સી ડીવીઝન પોલીસ મથકમાં નોંધવતા પોલીસે દુકાનમાં રહેલા સીસીટીવીના આધારે અંદર રહેલા બંને તસ્કરોને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી હતી.જેમાં બે આરોપીઓને પહેલા એસઓજી પોલીસે ઝડપી પાડ્યો હતો. જ્યારે આ ગુનામાં નાસતા ફરતા મુખ્ય આરોપીને પકડવાનો બાકી હતો અરસામાં આ ચોરીનો મુખ્ય આરોપી હસમુખ મદનભાઈ મારવાડી તેના ઘરે અયોધ્યાનગર ઝૂંપડપટ્ટીમાં હાજર છે તેવી બાતમી મળતાં એસઓજીની ટીમે તેને ઘરેથી ઝડપી પાડ્યો હતો.

**DATE: 31/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

## એલસીબીએ દુબઇ ટેકરી પાસે વોચ ગોઠવી હતી

# ભરૂચમાં ચોરીની બાઈક વેચવા ફરતાં બે ગઠિયાઓને પોલીસે દબોચી લીધાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એલસીબીના પીએસઆઈ ડી.એ.તુવરને માહિતી મળી હતી કે, ભરૂચ શહેરમાં દુબઇ ટેકરી વિસ્તારમાં બે ઈસમો ચોરીની બાઈક લઈને વેચાણના ઈરાદે ફરી રહ્યા છે. જેના આધારે ટીમે તાત્કાલિક માહિતીવાળા સ્થળ પર પહોંચી શકમંદોને રોકી બંને ગાડીઓના આધાર પુરાવા માંગતા તેમની પાસે કોઈ પુરાવા મળ્યાં ન હતા. જેથી પોલીસે પોકેટકોપ મોબાઈલ મારફતે મોપેડની તપાસ કરતા બંને વાહનો તાજેતરમાં ચોરી થયા હોવાનું જણવા મળ્યું હતું.આ બંનેની ઉલટ પુછપરછ કરતાં તેઓએ 27 મી મે ના રોજ રાત્રીના મિપ્કો ચોકડી પરથી સ્પેલન્ડર અને ઓસારા રોડ ઉપરથી ગ્રે કલરની એક્ટીવા ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. બન્નેના નામ અમન રાજુભાઈ વસાવા અને જય ઈશ્વરભાઈ વસાવા જણાવતાં તેમની ધરપકડ કરી હતી.

**DATE: 31/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### બાથરૂમમાંથી 38 હજારનો દારૂનો જથ્થો મળી આવ્યો

# ભેંસલીનો બૂટલેગર ડ્રાઈવરો પાસે દારૂ મંગાવતાં ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભેંસલી ગામે મસ્જીદ ફળિયામાં રહેતો ઉસ્માન મુસા પટેલ તેના ઘરે છાની રીતે વિદેશીદારૂ સંતાડી દારૂનું વેચાણ કરે છે. જેના પગલે ટીમે તેના ઘરે દરોડો પાડ્યો હતો. ટીમે તેના ઘરે જતાં ઉસ્માન તેના ઘરે જ મળી આવતાં તેની ધરપકડ કરી હતી. જે બાદ ટીમે તપાસ શરૂ કરી હતી. તેના ઘર તેમજ તેની બાજુના બંધ રૂમની તપાસ કરતાં ઘરની પાછળ આવેલાં બંધ બાથરૂમમાં વિદેશીદારૂનો જથ્થો મળી આવ્યો હતો. 120 બોટલના કુલ 38,400 રૂપિયા ગણ્યાં હતાં. તેમજ ઝડપાયેલાં બુટલેગર પાસેથી દારૂના 6 હજાર રોકડા મળી કુલ 44 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પ્રાથમિક પુછપરછમાં તેણે કબુલ્યું હતું કે, કંપનીઓમાં આવતી ટ્રકોના ડ્રાઈવરો સાથે સંપર્ક કરી તે દારૂ મંગાવતો હતો.

**DATE: 01/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

દહેજ પોલીસે ગલેન્ડા ગામે દરોડો પાડ્યો હતો

# વંદના બેરલ કંપનીમાંથી 8.27 લાખનું શંકાસ્પદ કેમિકલ જપ્ત



ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વાગરાના ગલેન્ડા ગામની સીમમાં વંદના બેરલ નામની કંપનીમાંથી દહેજ પોલીસે કુલ 8.27 લાખની મત્તાનો કેમિકલનો શંકાસ્પદ જથ્થો જપ્ત કર્યો હતો. બનાવને પગલે પ્રાથમિક તબક્કે 41 (1)(ડી)ની કલમ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

દહેજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં કોન્સ્ટેબલ એસડી ઝાલા તેમજ તેમની સાથેના અન્ય કર્મીઓ પેટ્રોલિંગમાં હતાંઉ તે વેળાં તેમને ચોક્કસ બાતમી મળી હતી કે, ગલેન્ડા ગામ પાસે આવેલાં વંદના બેરલ નામની કંપનીમાં ગેરકાયદે કેમિકલનો જથ્થો એકત્ર કરાયો છે. જેના પગલે તેમણે ટીમ સાથે સ્થળ પર દરોડો પાડતાં 200-200 લીટરના 20 જેટલાં બેરલોમાં અલગ અલગ કેમિકલનો જથ્થો ભરેલો હોવાનું માલુમ પડતાં ત્યાં હાજર કિશોર મોહન ભદ્રા (રહે. ગાર્ડનસિટી, અંક્લેશ્વર)ની પુછપરછ કરતાં તેમની પાસે કેમિકલ અંગેના કોઈ પુરાવા મળ્યાં ન હતી. તેમજ કેમિકલ ચોરીનું કે છળકપટથી એકત્ર કર્યું હોવાની શંકા જતાં કુલ 8.27 લાખનું કેમિકલ જપ્ત કરી તેની સામે પ્રાથમિક તબક્કે 41(1)(ડી) હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 01/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### થોડા દિવસ પહેલાં એસપીએ મુલાકાત લઇ સૂચના આપતાં પોલીસ સક્રિય બની

# અંકલેશ્વરની વાલિયા ચોકડીએ લેનમાંથી બહાર આવતાં વાહનો રોકવા બેરિકેટિંગ

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના વાલિયા ચોકડી વિસ્તારમાં સર્જાતી ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે 500 મીટરના વિસ્તારમાં બેરીકેટ્સ મુકવામાં આવ્યાં છે. વાહનોની સંખ્યા વધી રહી હોવાના કારણે બે લેનનો આમલાખાડી બ્રિજ સાંકડો પડતો હોવાથી ટ્રાફિકજામ થઇ રહયો છે. આ ઉપરાંત રાજપીપળા ચોકડી પાસે પણ માર્ગનું



નવીનીકરણ ચાલતું હોવાથી વાહનવ્યવહાર ડાયવર્ટ કરાયો છે. આની સીધી અસર હાઈવેના ટ્રાફિક પર પડી રહી છે. ખાસ કરીને વડોદરાથી સુરત તરફ જતી લેનમાં ટ્રાફિકજામ થઈ રહયો છે. થોડા દિવસ પહેલાં એસપી મયુર ચાવડાએ થોડા દિવસો પહેલાં અંકલેશ્વરની મુલાકાત લીધી હતી અને અધિકારીઓને જરૂરી સૂચના આપી હતી. જેના ભાગરૂપે વાલિયા ચોકડીથી વાલિયા તરફ જતા રોડ 500 મીટર સુધીના અંતર પર બેરીકેટ લગાવી દેવામાં આવ્યાં છે. એક લેન છોડી બીજી લેનમાં આવી જતાં વાહનોને કારણે થતો ટ્રાફિકજામ રોકવા આ પગલું ભરવામાં આવ્યું છે.

**DATE: 01/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# ચાવજ ગામેથી 1.32 લાખનો દારૂ ઝડપાયો

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકાના ચાવજ ગામે શિવાંગ વિલા સોસાયટી ખાતે આવેલાં મકાન દારૂનો જથ્થો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી કુલ 1.32 લાખનો દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. ટીમે તપાસ કરતાં તે મકાન ભરૂચની અયોધ્યાનગર ઝૂપડપટ્ટી ખાતે રહેતાં સુનિલ રમેશ પાટણવાડિયાના કબજામાં હોવાનું માલુમ પડતાં ટીમે તેની સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 01/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ચાવજની બંધ વીડિયોકોન કંપનીમાંથી ચોરી કરી હોવાની આરોપીઓની કબૂલાત

# અંકલેશ્વરમાંથી 222 કિલો કોપર સાથે વાલિયાની ટોળકીના 4 સાગરીત ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ તાલુકાના ચાવજ ખાતે બંધ થયેલ વિડિયોકોન કંપનીમાંથી કોપર ચોરી કરી વેચવા નીકળેલા 4 તસ્કરોને અંકલેશ્વર નજીકથી ઝડપી લેવાયાં છે.

એલસીબીની ટીમને ચોક્કસ માહિતી મળી હતી કે મહાવીર ટર્નીંગ પાસે એક ઈકો કારમાં શંકાસ્પદ કોપરનો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે તેથી વોચ ગોઠવવામાં આવી હતી. શંકાસ્પદ ઈકો કાર આવતાં તેને રોકવામાં આવી હતી. કારની તલાશી લેવામાં આવતાં તેમાંથી કોપરના વાયરો મળી આવ્યાં હતાં. ચારેય યુવાનો ગલ્લા તલ્લા કરવા લાગતાં તેમની અટકાયત કરવામાં આવી હતી. વાલિયાના વાગલખોડના અમિત દામજી વસાવા, ચમારીયાના મુકેશ અમરસિંગ વસાવા, લુણાના સુનિલ છત્રસિંગ વસાવા અને જયેશ મનહર વસાવાની પૂછપરછ કરતા તેમણે કોપરનો જથ્થો ચોરીનો હોવાની કબુલાત કરી હતી.

દામજીએ જયેશની ઈકો ગાડી ભાડે કરીને મુકેશ વસાવા, સુનિલ વસાવા અને રવિ સાથે મળી ભરૂચ ચાવજ સ્થિત વીડિયોકોન બંધ કંપનીમાં ગયા હતા. ત્યાં પાના-પક્કડ અને કતાર વડે કોપર વાયર અને પ્લેટો કટીંગ કરી ચોરી કરી લઈ આવ્યા હતા અને આ ચોરીનો માલ રવિને આપવાનો હોવાની કેફિયત રજૂ કરી હતી. 222 કિલો કોપર અને કાર સહિત ચારેયની 6.23 લાખના મુદ્દામાલ સાથે અટક કરવામાં આવી છે.અંકલેશ્વર નોબલ માર્કેટ ના રવિ નામના ઈસમ ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે અને તેને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કરી દેવાયાં છે.

**DATE: 01/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# ભડકોદ્રા ગામે જુગાર ખેલતી મહિલા સહિત ત્રણ જુગારી ઝડપાયા

અંકલેશ્વર તા.૩૧

અંકલેશ્વર તાલુકાના ભડકોદ્રા ગામની સીમમાં ખુલ્લી જગ્યામાં જુગાર ખેલતા એક મહિલા સહીત ત્રણ ઈસમોને જીઆઈડીસી પોલીસે ઝડપી પાડ્યા હતા.

## કુલ રૂ.૩૯ હજારનો મુદ્દામાલ જપ્ત કરાયો

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ પેટ્રોલિંગમાં હતી તે દરમ્યાન બાતમી મળી હતી કે અંકલેશ્વર તાલુકાના ભડકોદ્રા ગામની નવી નગરી વસાહતમાં કાપોદ્રા ગામ તરફ જવાના માર્ગ ઉપર કેટલાક ઈસમો પતા પાનાનો જુગાર ખેલી રહ્યા છે.તેવી બાતમીના આધારે રેડ કરતા એક મહિલા સહીત ૪ શખ્સો ગોળ કુંડાળુ કરી જુગાર ખેલતા હતા.તેઓને ઝડપી પાડ્યા હતા. પોલીસે તેઓ પાસેથી દાવ ઉપરના રૂ.૬૧૦૦, અંગ જડતીના રૂ.૫૩૭૦, મોબાઈલ રૂ.૩૦૦૦, મોટર સાયકલ રૂ.૨૫૦૦૦ મળી કુલ રૂ.૩૯૪૬૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.તેમજ વિઠ્ઠલ છના રાઠવા,કામેશ્વર સુગ્રીવ શાહ,આશા સતિષ વસાવાની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 02/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### 165 કિલો માંસ અને કપાયેલાં અંગો મળ્યાં

# અંકલેશ્વરની દારૂલ ઉલુમમાં કથિત ગૌમાસ સાથે 4 ઝબ્બે

ભાસ્કરન્યૂઝ|અંકલેશ્વર

અંકલેશ્વરની સુરતી ભાગોળથી ઉમરવાડા ગામ તરફ જવાના રોડ ઉપર આવેલ દારૂલ ઉલુમ આવેલું છે. જેમાં મુખ્ય દરવાજા થી અંદર પ્રવેશ કરી ડાબી બાજુની દીવાલથી દારૂલ ઉલુમના રસોડાના સામે દિવાલ પાસે પતરાવાળી ઓરડીમાં કેટલાક ઈસમો ગૌવંશનું કટીંગ કરી રહ્યા હોવાની માહિતી એ ડીવીઝન પોલીસને મળતાં દરોડો પાડવામાં આવ્યો હતો. સ્થળ પરથી ચાર ઈસમો માંસનું કટિંગ કરતાં મળી આવ્યાં હતાં. પોલીસે આસપાસ તપાસ કરતા ચાર શીંગડાં,બે ખોપરી તથા આઠ પગ મળી આવ્યાં હતાં. આ ઉપરાંત 165 કીલો શંકાસ્પદ ગૌમાસનો જથ્થો મળી આવ્યો હતો. સ્થળ પરથી ઈફતેખાર કુરેશી, મહમદ અલ્ફાઝ શેખ, મહમદ જુનેદ કુરેશી અને મહમદખલીફાને ઝડપી પાડ્યા હતા. માંસને તપાસ માટે એફએસએલમાં મોકલાયું છે.

**DATE: 02/06/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### જંબુસર તાલુકાના ઉચ્છદ ગામની સીમમાં ઓઇલચોરીનું મોટુ ષડયંત્ર

# ઓએનજીસીની પાઈપમાં વાલ્વ લગાડનાર ટોળકીના ત્રણ સાગરિતો પોલીસ સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

જંબુસર તાલુકામાં આવેલાં ઉચ્છદ ગામની સીમમાં આવેલાં ઓએનજીસી ટ્રન્ક પાઇપ લાઇન પાસે ક્રૂડ ઓઇલની પાઇપ લાઇનમાં પંક્ચર પાડી ક્રૂડ ઓઇલની ચોરી કરવા માટે 3 વાલ્વ બેસાડ્યાં હતાં. જોકે, ઓએનજીસીની ટીમને મામલાની જાણ થતાં ટીમે વેડચ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. દરમિયાનમાં વેડચ પોલીસ મથકના ઇન્ચાર્જ પીએસઆઇ વી. એ. આહિરે ટેક્નિકલ સર્વેલન્સના આધારે કારસામાં સંડોવાયેલાં આરોપીઓ પૈકીનો એક આણંદ જિલ્લાના વાસદ રેલવે સ્ટેશન પાસે જ્યારે અન્ય એકે અણખી ગામે હોવાની બાતમી મળતાં વાસદથી નિલેશ ભારતસિંહ રાઠોડ (રહે. ઝાખરિયા ગામ, આણંદ) તેમજ જંબુસરના અણખી ગામેથી રાકેશ ઉર્ફે પિન્કો રમણ ઠાકોરને ઝડપી પાડ્યાં હતાં. બીજી તરફ ભરૂચ એસઓજીના પીઆઇ એ. એ. ચૌધરીએ પણ તેમની ટીમને કાર્યરત કરી હતી. અરસામાં ટીમને આણંદના નાપાડપરા ગામના શકિલ ફતેસિંગ રાઠોડની સંડોવણી હોવાની બાતમી મળતાં તેને ઝડપી પાડી વેડચ પોલીસને સોંપ્યો હતો. ઓઇલ ચોરીના કારસામાં અન્ય સાગરિતોની વિગતો મેળવવા માટે ઝડપાયેલાં આરોપીઓના રિમાન્ડ મેળવવાની કવાયત હાથ ધરી છે. ભરૂચ જિલ્લાના વાગરા અને જંબુસર સહિતના તાલુકાઓમાંથી ઓએનજીસીના ક્રુડ ઓઇલનું વહન કરતી પાઇપલાઇન પસાર થાય છે જેમાંથી ઓઇલ ચોરી કરાઇ છે.